સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૨ | ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૦, સોમવાર; અ. આસો સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૪૦૭ |
| અમદાવાદ | ૧૮૩ |
| ગાંધીનગર | ૩૯ |

# ધાંધલ-ધમાલ વચ્ચે રાજ્યસભામાં કૃષિ સંબંધિત બિલ પાસ

**રાજ્યસભામાં ધ્વનિ મતથી કૃષિ બિલ પાસ : બિલને રજૂ કરતાં મોદી સરકારે કહ્યું, બિલોનો MSP સાથે સંબંધ નથી : ટીએમસી સાંસદ ડેરેક ઓ બ્રાયન સૂત્રોચ્ચાર કરતાં ઉપસભાપતિની વેલ સુધી ધસી ગયા અને બિલ છીનવવાની કોશિશ કરી, માર્શલ વચ્ચે પડતાં ઉપસભાપતિની સામે મૂકેલું માઇક તૂટી ગયું : ભારે હોબાળો થતાં રાજ્યસભા આજે ૯ વાગ્યા સુધી સ્થગિત કરાઇ**



નવી દિલ્હી, તા.૨૦

નવી દિલ્હીઃ રાજ્યસભામાં ભારે હોબાળો વચ્ચે આજે કૃષિ બિલો પાસ કરવામાં આવ્યા છે. ખેતી-ખેડૂતો સાથે જોડાયેલા ત્રણ અગત્યના બિલ કૃષિ ઉપજ વેપાર અને વાણિજય (સંવર્ધન અને સરળીકરણ) બિલ, ૨૦૨૦ અને કૃષિ (સશક્તિકરણ અને સંરક્ષણ) કિંમત આશ્વાસન અને કૃષિ સેવા પર કરાર બિલ, ૨૦૨૦ રાજ્યસભામાં ધ્વનિ મતથી પાસ થઈ ગયા છે. બિલને લઈ વિપક્ષી પાર્ટીઓના નેતા વેલમાં આવીને નારેબાજી કરવા લાગ્યા અને ઉપ-સભાપતિની પાસે કાગળના ટુકડાઓ ઉછાળ્યા. આ દરમિયાન ઉપ-સભાપતિ પાસે ઉપસ્થિત માર્શલોએ તેમને રોક્યા તો હળવું ઘર્ષણ થયું. ઘર્ષણ દરમિયાન જ ઉપસભાપતિની સામેવાળું માઈક તૂટી ગયું. કેન્દ્ર સરકાર માટે આ બિલને પાસ કરાવવા કોઈ પડકારથી ઓછા નહોતા. આ બિલને લઈને એનડીએ ગઠબંધનની સૌથી જૂની સહયોગી અકાલફી દળના વિરોધના કારણે સરકાર માટે ગૃહની અંદર અને બહાર પણ ભારે વિરોધનો સામનો

● અનુસંધાન પાન-૭ પર

## બિલના મામલે વિપક્ષના ૧૨ સાંસદો ગૃહમાં ધરણા ઉપર બેઠા

**કૃષિ બિલ ધ્વનિમતથી પાસ કરાવવાનો વિરોધ : વિપક્ષ કૃષિ બિલ પર વોટિંગ ઈચ્છતુ હતું પરંતુ સરકારે વિપક્ષના અધિકારોને નકારતા બિલને આગળ વધાર્યું હતું**

નવી દિલ્હી, તા.૨૦

વિપક્ષી પાર્ટીઓના ભારે વિરોધ વચ્ચે રાજ્યસભામાંથી પણ કૃષિ બિલ પાસ કરી દેવામાં આવ્યું છે. કૃષિ પેદાશ વેપાર અને વાણિજય (સંવર્ધન અને સરળીકરણ) બિલ-૨૦૨૦ અને ખેડૂત (સશક્તિકરણ અને સુરક્ષા) ભાવ ખાતરી કરાર અને કૃષિ સેવાઓ બિલ -૨૦૨૦ ને પાસ કરાવી લેવામાં આવ્યા. ધ્વનિમતથી પાસ થયા પહેલા આ બિલ પર ગૃહમાં ભારે હંગામો થયો હતો. તો ૧૨ સાંસદો ધરણા પર બેસી ગયા હતા. ગૃહમાં બિલ પાસ થયા બાદ કેટલાક સાંસદો રાજ્યસભામાં ધરણા પર બેઠા હતા. પરંતુ બાદમાં રાજ્યસભા સાંસદોએ ગૃહની અંદર ધરણા સમાપ્ત કર્યા અને સંસદ પરિસરમાં ગાંધીજીની મૂર્તિ પાસે ધરણા આપવા લાગ્યા હતા. વિપક્ષી પાર્ટીના નેતા ગાંધી સ્ટેચ્યૂ પર ધરણા પર બેઠા જેમાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, તૃણમૂલ સહિત અન્ય પાર્ટીઓ સામેલ હતી. થોડા સમય બાદ આ સાંસદોના ધરણા સમાપ્ત થઈ ગયા હતા. આ પહેલા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના સાંસદ ડેરેક ઓ બ્રાયને કહ્યુ




કે, વિપક્ષી દળો ગૃહમાં ધરણા પર બેઠા છે. વિપક્ષ કૃષિ બિલ પર વોટિંગ ઈચ્છતુ હતું. પરંતુ સરકારે વિપક્ષના અધિકારોને નકારતા બિલને આગળ વધાર્યું હતું. બિલને ધ્વનિમતથી પાસ કરાવવાને લઈને પણ વિપક્ષી પાર્ટીઓ આક્રમક છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ ટ્વીટ કર્યુ, આજે

● અનુસંધાન પાન-૭ પર


# એમએસપી યથાવત રહેશે : પ્રધાનમંત્રી

**મોદીએ ભારતના કૃષિ ઈતિહાસમાં મોટો દિવસ ગણાવ્યો પીએમે કહ્યુ કે, એમએસપીની વ્યવસ્થા પણ યથાવત રહેશે**

નવી દિલ્હી, તા.૨૦

કૃષિ સાથે સંબંધિત બે બિલ રાજ્યસભામાં પાસ થઈ ગયા છે. કૃષિ પેદાશ વેપાર અને વાણિજય (સંવર્ધન અને સરળીકરણ) બિલ -૨૦૨૦ અને ખેડૂત (સશક્તિકરણ અને સુરક્ષા) ભાવ ખાતરી કરાર અને કૃષિ સેવાઓ બિલ-૨૦૨૦ને ધ્વનિમતથી પાસ કરવામાં આવ્યા. ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેને ભારતના કૃષિ ઈતિહાસમાં એક મોટો દિવસ ગણાવ્યો છે. સાથે પીએમે કહ્યુ કે, એમએસપીની વ્યવસ્થા પણ યથાવત રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું, ભારતના કૃષિ ઈતિહાસમાં આજે એક મોટો દિવસ છે. સંસદમાં બે મહત્વના બિલ પાસ થવા પર હું આપણા પરિશ્રમી અન્નદાતાઓને શુભેચ્છા આપુ છું. આ ન માત્ર કૃષિ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવશે, પરંતુ તેનાથી કરોડો કિસાન સશક્ત થશે. પીએમ મોદીએ કહ્યુ, દાયકાઓ સુધી આપણા કિસાન ભાઈ-બહેન ઘણા પ્રકારના બંધનોમાં ઝડકાયેલા હતા અને વચેટિયાઓનો સામનો કરવો પડતો હતો. સંસદમાં પાસ બિલથી અન્નદાતાઓને આ બધામાંથી આઝાદી મળી છે. તેનાથી કિસાનોની આવક બમણી કરવાના પ્રયાસોને બળ મળશે અને તેમની સમૃદ્ધિ નક્કી થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગળ કહ્યુ- આપણા કૃષિ ક્ષેત્રને આધુનિક ટેક્નોલોજીની તત્કાલ જરૂર છે, કારણ કે તેનાથી મહેનતુ ખેડૂતોને મદદ મળશે. હવે આ બિલ પાસ થવાથી આપણા કિસાનોની પહોંચ ભવિષ્યની ટેક્નોલોજી સુધી સરળ થશે. તેનાથી ન માત્ર ઉત્પાદન વધશે, પરંતુ સારા પરિણામ સામે આવશે. આ એક સ્વાગત કરવા યોગ્ય પગલુ છે.


શ્રદ્ધા સુમન



શિવમભાઈ એસ. રાવલ
વાઈસ ચેરમેન, એપીએમસી ઊંઝા
સ્વ. તા. ૨૦/૦૯/૨૦૨૦

નથી હયાત પણ સાથે છો એવું લાગ્યા કરશે;
હર ક્ષણ તમારી લાગણીનો આભાસ લાગ્યા કરશે,
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે;
યાદોમાં પ્રત્યક્ષ તમારા દર્શન થયા કરશે.
આપણા વિસ્તારના રાજકીય તેમજ સહકારી ક્ષેત્રના ચાણક્ય
શ્રી શિવમભાઈ રાવલની અણધારી ચિર વિદાયથી
અમો ઘેરા શોકની લાગણી અનુભવીએ છીએ...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

આપના ગુણાનુરાગી

વિષ્ણુભાઈ પટેલ – સેક્રેટરી
દિનેશભાઈ પટેલ – ચેરમેન

• ડિરેક્ટરગણ •

રમેશભાઈ છગનલાલ પટેલ
રાજેન્દ્રકુમાર શંકરલાલ પટેલ
અંબાલાલ જોઈતારામ પટેલ
જયંતિભાઈ શિવરામદાસ પટેલ
અમૃતભાઈ મૂળચંદદાસ પટેલ
સંજયકુમાર મફતલાલ પટેલ
અરવિંદભાઈ સોમાભાઈ પટેલ
નરેન્દ્રકુમાર કાનજીભાઈ પટેલ
વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ પટેલ
ચંદુભાઈ ઈશ્વરલાલ પટેલ
મીનાબેન જીતેન્દ્રકુમાર પટેલ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા



ભાવભીની અંજલિ



સ્વ. મનિષ વિક્રમભાઈ પટેલ

પ્રિય મિત્ર,
આપની અચાનક વિદાય અમારા માટે વજઘાત બન્યો...
આપની કર્તવ્ય પારાયણતા, ભાતૃભાવ અને નિખાલસ સ્વભાવ
અમારા માટે ચિરસ્મરણીય બની રહેશે...
આપના દિવ્ય આત્માને પરમાત્મા ચિર શાંતિ આપે એવી પ્રાર્થના સહ...
ભાવભીની અંજલિ...

લિ.

આકાશ ઈશ્વરભાઈ દેસાઈ
(આઈએસકે ગૃપ)
વૈભવ હરેશભાઈ જાની
(હોટલ અશોકા ઈન)
તેજસ કૌશિકભાઈ પટેલ
(ઉમિયા ડેવલોપર્સ)